GJSR010032702026

સત્યમેવ જયતે

ફાઈલ તારીખઃ ૧૧/૦૩/૨૦૨૬
દાખલ તારીખઃ ૧૧/૦૩/૨૦૨૬
ફેંસલ તારીખઃ ૧૭/૦૩/૨૦૨૬
અવધિઃ વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૦૬

**મહેરબાન સુરતના બીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,સુરત**

**ફોજદારી પરચુરણ અરજી નંબર : ૧૮૩૮/૨૦૨૬**

**આંક :–**

**અરજદાર :** **સાગર નનુભાઈ સોજીત્રા**

ઉ.વ. : ૨૮, ધંધો : વેપાર,

રહેવાસી : ૧૧૩,મહાલક્ષ્મી સોસાયટી–૨,

બોમ્બે માર્કેટ,કારગીલ ચોક પાસે,

પુણાગામ,સુરત.

વિરુધ્ધ

**સામાવાળા :** શ્રી સરકાર

**અરજદારના વિ.વ.શ્રી આર.સી.દુધરેજીયા**

**સામાવાળાના વિ.ડી.જી.પી.શ્રી એન.એલ.સુખડવાલા**

**બાબત :–**ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૪૮૩ મુજબની રેગ્યુલર જામીન અરજ

## -: <u>ચુકાદો</u> :-

(૧) આ કામના અરજદાર સામે વરાછા પો.સ્ટે. પાર્ટ એ ગુ.રજી.નં.૧૧૨૧ ૦૦૬૦૨૫૩૨૫૫/૨૦૨૫,બી.એન.એસ.ની કલમ ૩૧૬(૫),૫૪ મુજબનો ગુનો નોંધાયેલ છે અને તે ગુનાના કામે પોલીસે આ કામના અરજદારની તા.૦૬/ ૦૩/૨૦૨૫ ના રોજ અટક કરી તા.૦૭/૦૩/૨૦૨૫ ના રોજ કોર્ટમાં રજુ કરી પોલીસે રીમાન્ડની માંગણી કરતા ટ્રાયલ કોર્ટે તા.૦૮/૦૩/૨૦૨૫ સુધીના રીમાન્ડ મંજુર કરેલા ત્યારબાદ રીમાન્ડ સમયે પુરે થયે કોર્ટમાં રજુ કરતા કોર્ટે અરજદારને જેલમાં મોકલી આપેલા અને અરજદાર હાલ જેલમા હોય રેગ્યુલર જામીન મેળવવા અરજદારે નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૪૮૩ મુજબની હાલની જામીન અરજી કરી છે.

(૨) અરજદાર તરફે અરજદારના વિ.વ.શ્રી આર.સી.દુધરેજીયા નાઓને સાંભળ યા તેઓએ તેમની દલીલોમા મુખ્યત્વે જણાવ્યુ છે કે, આ કામના અરજદાર/આરોપી તદન નિર્દોષ છે,કોઈ ગુનો કરેલ નથી કે સદર ગુનામાં કોઈ ભાગ ભજવેલ નથી કે કોઈ ગુનાહીત ઈતિહાસ ધરાવતા નથી. આ કામના અરજદાર સામે કોઈ પ્રથમ દર્શનીય કેસ જણાતો નથી કે કોઈ ઠગાઈ, વિશ્વાસઘાત કે છેતરપીંડી કરી માલ સગેવગે કરેલ નથી. આ કામના અરજદાર/આરોપીની વધુ તપાસ અર્થે કોઈ જરૂરિયાત રહેતી નથી. આ જ ગુનાના અન્ય આોપીઓને આગોતરા જામીન ઉપર મુકત કરેલ છે. અરજદાર ૨૮ વર્ષના નવયુવાન છે. કુંટુંબના ભરણ પોષણની તમામ જવાબદારી આરોપીના શીરે છે. અરજદાર શહેર સુરતના સ્થાનીક રહીશ છે,સાથ સહકાર આપશે,કયાય નાશી ભાગી જશે નહી,કોર્ટ જણાવશે તે તમામ શરતોનુ પાલન કરશે વિગેરે હકીકતે અરજદારની હાલની રેગ્યુલર જામીન અરજી મંજુર કરવા

રજુઆત કરી છે.

(૩) સરકાર તરફે વિ.ડી.જી.પી.શ્રી એન.એલ.સુખડવાલા ને સાંભળ્યા. તેઓએ અરજીનો વિરોધ કરતા મુખ્યત્વે જણાવ્યુ છે કે, આ કામના અરજદાર/આરોપી તથા અન્ય આરોપીઓ ત્રણે બાપ દીકરા થાય છે. હાલના અરજદાર/આરોપીએ આ કામના ફરીયાદી પાસેથી સાડીનો માલ અગિયાર લોટ ટોટલ ૨૨૨૭ સાડી કુલ રૂ.૧૫,૫૮,૯૦૦/- નો માલ સીરસકી જોબવર્ક માટે બનાવવા લઈ જઈ પરત ન કરી હાલ ૪૮,શ્રીજી ડેકો, જગદીશનગર, એલ.એચ.રોડ, સુરત ગોડાઉન તથા ઘરમાં લોક મારી નાશી ફરીયાદી સાથે એક વેપારી તરીકે ગુનાહીત વિશ્વાઘાત કરેલ હોવાનો આક્ષેપ છે. અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો તે ગુનાના ફરીયાદીને ધાક ધમકી આપી પુરાવા સાથે ચેડા કરે તેમ હોય, ફરીયાદપક્ષને ખુબ જ મોટુ નુકશાન થાય તેમ છે. તેમજ ટ્રાયલ દરમિયાન હાજર ન રહી શકે તેવી પુરેપુરી શકયતા તેમજ હાલના સમયમાં માર્કેટમાં આવા પ્રકારના ગુનાઓ બનતા હોય જેથી સમાજમાં દાખલો બેસાડવાની જરૂર છે જેથી અરજદારને રેગ્યુલર જામીન પર મુકત કરી શકાય નહી વિગેરે હકીકતે અરજદારની અરજી રદ કરવા રજુઆત કરી છે.

(૫) અરજદારની અરજી, તપાસ કરનાર અમલદારશ્રીનુ સોગંદનામુ તેમજ તપાસના કાગળો વંચાણે લીધા તથા બંને પક્ષે વિ.વ.શ્રીઓને સાંભળ્યા. આ કામે ગુનાની હકીકત ઘ્યાને લેવામાં આવે તો આ કામના ફરીયાદી નાો પાસેથી આ કામના અરજદાર/આરોપી તથા સહઆરોપીઓ ભેગા મળી તા.૧૫/૦૫/૨૦૨૫ થી તા.૧૨/૦૯/૨૦૨૫ ના રોજ અલગ અલગ ચલણ થી ૨૨૨૭ સાડીના અગિયાર લોટ હોટ સીરોસકી જોબવર્ક પર બનાવવા આપેલ હતા જેની મજુરી ભાવ બીલ

ચલણ મુજબ અલગ અલગ નકકી કરેલ હતો અને તેઓને કુલ નંગ ૨૨૨૭ માલની ડીલીવરી ફરીયાદીના ડેકો (રોલ પાલીશ) વાળી જગ્યોથી જેઓ પાસે તેઓ સાડી જોબવર્ક પર કરાવતા હોય જે ૪૮,શ્રીજી ડેકો, જગદીશનગર, એલ.એચ.રોડ,સુરત વાળા ખાતેથી આ તમામ ત્રણેય જણાો ત્યાં જઈ અને માલ ભરી જતા અને ડીલવરી ફરીયાદીના ખાતા ઉપર કરાવી આપતા હોય, તેઓના ઉપરોકત ખાતા પરથી જોબવર્ક કરવા માટે અલગ અલગ બીલ ચલણથી કુલ ૧૧ લોટ ૨૨૨૭ નંગ સાડી સીરોસકી જોબવર્ક માટે લઈ ગયેલ હોય જે માલ તા.૨૦/૦૯/૨૦૨૫બ ના રોજ માલની ડીલવરી કરવાની હોય પરંતુ નનુભાઈ રાઘવભાઈ સોજીત્રા સાથે વાતચીત કરતા સદર માલ હાલના અરજદાર/આરોપીના ઉપરોકત ગોડાઉન સરનામે હોવાનુ જણાવેલ. જયા ફરીયાદીશ્રી તપાસ કરતા હાલના અરજદાર/આરોપી મળી આવેલ નહી. તેમજ તેઓ કોઈના ફોન રીસીવ કરતા ન હોય જેથી ફરીયાદીશ્રીનો માલ બાપદીકરાઓએ એક બીજાના મેળાપીપણામાં ફસાવી રાખેલ છે અને હાલ કોઈ વ્યવહારીક જવાબો આપતા ન હોય અને ફરીયાદીશ્રી પાસેથી રૂ.૧૫, ૫૮,૯૦૦/-નો માલ જોબવર્ક માટે લઈ જઈ ફરીયાદીશ્રીને વેપારીઓને સાડીનો માલ અગિયાર લોટ ટોટલ સાડી કુલ રૂ.૧૫,૫૮,૯૦૦/- નો માલ સીરોસકી જોબવર્ક માટે બનાવવા લઈ જઈ પરત ન કરી વેપારી તરીકે ગુનાહીત વિશ્વાસઘાત કરેલ હોવાનો આક્ષેપ છે. આ આરોપી સાથે ફરીયાદીને વ્યવહારો થયેલા છે. અરજદાર ગુનામાં મુખ્ય આરોપી છે. અરજદારને સાથે રાખી ગુનાની આગળની તપાસ થઈ શકે તેમ છે. આ જ ગુનાના અન્ય જામીન મુકત આરોપીથી હાલના અરજદારની અલગ ભૂમિકા છે જેથી પૅરેટીનો સિધ્ધાંત હાલનાં અરજદારના કેસને લાગુ પડતો નથી. જેથી અરજદારને આવા ગંભીર ગુનામાં જામીન પર મુકત કરવા યોગ્ય અને ન્યાયોચીત જણાતુ નથી જેથી અરજદારની હાલની અરજી મંજુર થવા

પાત્ર ન હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. આ કામના અરજદાર **સાગર નનુભાઈ સોજીત્રાની** હાલની નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૩ મુજબની રેગ્યુલર જામીન અરજી **નામંજુર** કરવામા આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૭ મી, માહે–માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

તારીખઃ ૧૭/૦૩/૨૦૨૬
સુરત.

(**આર.આર.ભટ્ટ**)
બીજા અધિક સેશન્સ જજ,સુરત.
Code No.GJ-00608